# City ભાસ્કર

It's All About Good Life :)

અમદાવાદ, ગુરુવાર, 20 સપ્ટેમ્બર, 2012

CONTACT US : 079 39814116 | email : cbamdavad@gmail.com | www.divyabhaskar.com/citybhaskar | www.epaper.divyabhaskar.com/citybhaskar




04 | સ્ટાઈલ એન્ડ ગ્લેમર

**સેલિબ્રિટી ઓન સ્ટેજ** નટરાણી થિયેટરમાં યોજાનારા 'સન્ડે ટુ સન્ડે થિયેટર ફેસ્ટિવલ'થી નંદિતા દાસ તેના ડેબ્યુ પ્લેની ટૂર શરૂ કરશે : અમદાવાદ બાદ મુંબઈ, દિલ્હી, કોલકાતા અને ઢાકામાં નાટકના શો યોજાશે : ફેસ્ટિવલમાં મધુ રાયના 'ચતુષ્કોણ' સહિત 7 નાટકો ભજવાશે...

# 'બિટ્વીન ધ લાઈન્સ' બનશે અમદાવાદ

- **બિઝનેસમેન પતિ સુબોધ મસકારા પણ બન્યા એક્ટર**
- **30 સપ્ટેમ્બરથી શરૂ થશે નટરાણીમાં ફેસ્ટિવલ**

• **સિટી રિપોર્ટર**. અમદાવાદ

શહેરની નાટ્યપ્રવૃતિઓ હવે ધીરે ધીરે મુંબઈ, બેંગ્લોર કે દિલ્હીની હરોળમાં આવી રહી છે. જાણીતા એક્ટ્રેસ અને ફિલ્મ મેકર નંદિતા દાસ આ મહિને તેમના ડેબ્યૂ પ્લેનો ફર્સ્ટ શો અમદાવાદમાં કરશે. નટરાણીમાં 30 સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલા 'સન્ડે ટૂ સન્ડે' થિયેટર ફેસ્ટિવલમાં પ્રથમ પ્લે તરીકે નંદિતા દાસ લિખિત, અભિનિત અને નિર્દેશિત 'બિટવીન ધ લાઈન્સ' ભજવાશે. આ નાટકથી શરૂ થનારા દર્પણના થિયેટર ફેસ્ટિવલમાં અન્ય નાટકો જેવા કે, હિડન ફાઈ, અસગર, ધ મેઈડ, બિગ બી, ચતુષ્કોણ, ડેથ એન્ડ મેઈડન ભજવાશે.

ફાયર, અર્થ અને બંવડર ફિલ્મમાં જોરદાર અભિનય કરનાર અને ફિરાક ફિલ્મનું ડિરેકશન કરનાર નંદિતા દાસની નાટ્યક્ષેત્રે રાઈટર ડિરેક્ટર તરીકે પહેલી લાઈવ એન્ટ્રી અમદાવાદના સ્ટેજથી થશે. તેઓ પોતાની થિયેટર ટૂરની શરૂઆત પણ અંહીથી જ કરી રહ્યા છે.

બિટ્વીન ધ લાઈન્સ વિશે વાત કરતા તેમણે કહ્યુ હતું કે, અમે જ્યારે નાટકનાં ફર્સ્ટ શો માટે વિચારી રહ્યા હતા ત્યારે દિલ્હી, બેંગ્લોર અને અમદાવાદ વચ્ચે પસંદગી હતી. પછીથી મે વિચાર્યુ કે 'અમદાવાદ કેમ નહીં ?' મે અગાઉ પણ દર્પણ એકડમીમાં પરફોરમન્સ કરેલું છે. બિટ્વીન ધ લાઈન્સ સાથે અમારી થિયેટર ટૂર અમદાવાદથી શરૂ થશે અને ત્યારબાદ મુંબઈ, દિલ્હી, કલક્તા અને ઢાકામાં આ નાટક ભજવાશે.

પોતાના પહેલા નાટકની થિમ વિશે વાત કરતા નંદિતા દાસ કહે છે કે, મેટ્રો સિટી હોય કે સ્મોલ ટાઉન નાટકના સબ્જેક્ટમાં યુનિવર્સલ અપીલ છે. આ નાટક એવી જેન્ડર ઈન્ઈક્વાલિટીની વાત કરે છે જે મોટેભાગે દરેક સ્ત્રી એની જીવનના કોઈને કોઈ તબક્કે વેઠતી હોય છે. નાટક વિમેન કઈ રીતે ટ્રેડિશનલ અને મોર્ડન વે ઓફ લાઈફને બેલેન્સ કરે છે તેની વાત કરે છે. આ નાટક મારી પોતાની અને મારા કેટલાક મિત્રોની લાઈફ રિફ્લેક્ટ કરે છે.

આ નાટકમાં બિઝનેસમેન અને નંદિતાના હસબન્ડ સુબોધ મસકારા પણ તેમની સાથે પરફોર્મ કરી રહ્યા છે. સુબોધ આ નાટકના પ્રોડ્યુસર પણ છે. સુબોધ અને નંદિતાના પ્રોડકશન હાઉસ 'છોટી પ્રોડકશન' દ્વારા આ પ્લે પ્રોડ્યુસ કરવામાં આવ્યુ છે. નાટ્ય લેખન અને નિર્દેશનની વાત કરતા નંદિતા દાસે જણાવ્યુ હતું કે, મારા કામના ગ્રાફની કોઈ પેટર્ન નથી. જુદા જુદા સમયે જુદી જુદી તકો આવી અને હું તેની સાથે વહી છું. આઠ વર્ષ અગાઉ મને લાગતુ હતું કે પ્લે ઘણો સમય માગી લેનારુ કામ છે અને તે વખતે મારી પાસે એટલો સમય નહોતો, વળી જે નાટકો મારી સામે આવતા હતા તે પણ મને એક્સાઈટ કરે એવા નહોતા. હવે જયારે હું મધરહુડને મારો ફુલ ટાઈમ આપી રહી છું ત્યારે હું ઘરે રહીને મેનેજ કરી શકુ એવું વધારે ક્રિએટિવ કામ કરવા માગતી હતી. જોકે, મારા ધાર્યા કરતાં પણ તે વધારે મોટુ બની ગયુ છે.

**મોર ચેલેન્જિંગ :** નાટ્ય લેખન અને નિર્દેશન તરીકે પર્દાપણ બાબતે તેઓએ ઈન્ડસ્ટ્રીઝના સેટ થયેલા નોર્મ્સથી મુક્ત છે તેવો દાવો કરતા જણાવ્યુ હતું કે, મે જયારે ફિરાક ફિલ્મ ડિરેકટ કરી તે વખતે હું ડિરેકશન શિખવા માટે કોઈ સ્કૂલમાં નહોતી ગઈ. હું જયારે લખવાનું, અભિનય કરવાનું, નિર્દેશિત કરવાનું એકસાથે કરુ છું ત્યારે વધારે ચેલેન્જિંગ ફિલ કરુ છું. મને સ્ટોરી ટેલિંગ ગમે છે પરંતુ મારા કેસમાં કન્ટેન્ટ હોય છે જે ફોર્મને ડ્રાઈવ કરે છે. મારો ધ્યેય એકથી દોઢ કલાક માટે ઓડિયન્સને નાટકમાં ઈન્વોલ્વ કરવાનો છે, જેથી તે જયારે બહાર નીકળે ત્યારે જે જોયુ છે તેની સાથે પોતાની લાઈફને ક્ટ ઓફ કરી શકે. નાટકના લેખન બાબતે તેમણે કહ્યુ કે, જયારે આ નાટકની સ્ક્રિપ્ટ લખાઈ રહી હતી ત્યારે તે ખરેખર તો મનમાં જીવંત રીતે ભજવાતુ હતું, પછી તેના સંવાદો શબ્દોરુપે કાગળ પર ઉતરતા હતા.



બિટ્વીન ધ લાઈન્સના રિહર્સલમાં નંદિતા દાસ અને સુબોધ મસકારા.

## બિટ્વીન ધ લાઈન્સ એક્સપ્લોર કરે છે રિલેશનશિપનું બેલેન્સ

કન્ટેમ્પરરી અર્બન ઈન્ડિયામાં સેટ થયેલું બિટ્વીન ધ લાઈન્સ મેરીડ લોયર કપલ શેખર ( સુબોધ મસાકર) અને માયા ( નંદિતા દાસ)ની રિલેશનશિપ એક્સપ્લોર કરે છે. તેમના દસ વર્ષના લગ્નજીવનમાં એક અટેમ્પટ ટૂ મર્ડરના કેસને લઈને પહેલીવાર બંને જણા એકબીજાની વિરુધ્ધમાં ઉભા છે. કેસ તેમને અધરસ્તે ચર્ચા તરફ દોરે છે જે લાઈફમાં એક નવુ બેલેન્સ ઉભુ કરે છે.

## ફેસ્ટિવલ દરમિયાન આ નાટકો ભજવવામાં આવશે

**હિડન ફાયર્સ :** 2 ઓક્ટોબર
**થીમ:** આ એક મોનોલોગ છે જેમાં કોઈ પણ હિંસાને કોઈ ખાસ તારીખ કે કોઈ ખાસ વ્યક્તિ કે સરકાર સાથે જોડી દેવાની વાત કરાઈ છે.
**નિર્દેશક:** પી એસ છારી
**ભાષા:** અંગ્રેજી
**ડ્યુરેશન :** 60 મિનિટ

**અસગર :** 3 ઓક્ટોબર
**થીમ:** આ નાટક હિંદી લેખક અસગર વઝાહતની દસ વ્યંગાત્મક ટૂંકી વાર્તાનો સંગ્રહ છે. દરેક વાર્તા સમાજના અલગ અલગ હિસ્સાને સ્પર્શે છે.
**નિર્દેશક :** વી બાલાક્રિષ્નન
**ભાષા:** હિન્દી
**ડ્યુરેશન :** 90 મિનિટ

**ધ મેઈડસ :** 4 ઓક્ટોબર
**થીમ:** આ નાટકનો પ્લોટ જાણીતા 'પપીન સિસ્ટર્સ'ના કેસ પર આધારિત છે જેમણે નિર્દયતા પૂર્વક તેમની માલકણ અને તેમની પુત્રીની હત્યા કરી નાખી હતી.
**નિર્દેશક :** વી. બાલાક્રિષ્નન
**ભાષા:** અંગ્રેજી
**ડ્યુરેશન :** 90 મિનિટ

**બીગ બી :** 5 ઓક્ટોબર
**થીમ:** આ નાટક મુન્શી પ્રેમચંદની જાણીતી હિંદી-ઉર્દુ વાર્તા 'બડે ભાઈ સાહબ' ને મોર્ડન રીતે રજૂ કરાઈ છે.
**સ્ક્રીપ્ટ અને નિર્દેશક:** ડો. એમ સૈયદ અલામ અને નીતી કુલ
**ભાષા:** હિન્દી-અંગ્રેજી
**ડ્યુરેશન:** 85 મિનિટ

**ચતુષ્કોણ :** 6 ઓક્ટોબર
**થીમ:** આ નાટક જાણીતા ગુજરાતી લેખક મધુ રાયે લખેલુ છે. આ નાટક બે સંપૂર્ણપણે વિરોધાભાષી વ્યક્તિઓ પર આધારિત છે જેમની વચ્ચેના પ્લુટોનિક રિલેશન 35 વર્ષ સુધી ચાલે છે.
**નિર્દેષક:** પ્રો. કમલ જોશી
**ભાષા:** ગુજરાતી
**ડ્યુરેશન :** 100 મિનિટ

**ડેથ એન્ડ ધ મેઈડન :** 7 ઓક્ટો.
**થીમ:** પોલીના સેલ્સ જે રાજકીય કેદી છે જેમના પર એવા ડોકટર દ્વારા બળાત્કાર ગુજરાય છે જેમને તેમણે ક્યારેય જોયો નથી. પછી અનેક ઘટનાઓ બને છે.
**નિર્દેશક:** કબીર ઠાકોર
**ભાષા:** ગુજરાતી
**ડ્યુરેશન:** 75 મિનિટ

## યૂથ ફેસ્ટિવલ 'પરવાઝ'-2012નો આજથી પ્રારંભ

• **સિટી રિપોર્ટર**. અમદાવાદ

કોલેજીસના સ્ટુડન્ટ્સ જેની આતુરતાથી રાહ જોતા હોય છે તેવા યૂથ ફેસ્ટિવલની આજથી શરૂઆત થશે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા યુથ ફેસ્ટિવલ 'પરવાઝ'-2012નું 20 અને 21 સપ્ટેમ્બર બે દિવસ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. આ બે દિવસ દરમિયાન યોજાનારી વિવિધ કોમ્પિટિશનમાં વિદ્યાર્થીઓ દ્વારા પોતાની કોલેજનુ બેસ્ટ પરફોમન્સ આપવામાં આવશે. આ વર્ષનો યુથ ફેસ્ટિવલ 'ભારતીય વિદ્યા ભવન્સ કેમ્પસ' દ્વારા હોસ્ટ કરવામાં આવી રહ્યો છે. આ યુથ ફેસ્ટિવલનો પ્રારંભમાં એક કોલોજીસના સ્ટુડન્ટ્સની એક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી સવારે 8 કલાકે કોચરબ આશ્રમથી શરૂ થશે. રેલીમાં મોટોપાયે વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો જોડાશે. વિવિધ વિસ્તારોમાં ફરીને રેલી ટાઉનહોલ પહોંચશે. સવારે 10:15 કલાકે ટાઉનહોલમાં યુવક મહોત્સવનું ઈનોગરેશન કરવામાં આવશે. ત્યારબાદ 12 કલાકે ટાઉનહોલ ખાતે એક પાત્રિય અભિનય સ્પર્ધા યોજાશે. ઉપરાંત આજે વિવિધ લોકેશન પર મિમિક્રી, ડાન્સ વગેરે સ્પર્ધા યોજાશે.

### પહેલો દિવસ 20 સપ્ટેમ્બર

**ભવન્સ કોલેજ ઓડિટોરિયમ**
બપોરે 12:00 કલાકે : શાસ્ત્રીય નૃત્ય
બપોરે 2:00 કલાકે : મોનો એકિટંગ
બપોરે 4:30 કલાકે : મીમીક્રિ
**કોલેજ બિલ્ડિંગ રૂમનં -5**
બપોરે 12:00 કલાકે : શીઘ્ર વક્તૃત્તવ સ્પર્ધા
બપોરે 2:30 કલાકે : ડિબેટ
બપોરે 5:00 કલાકે : વક્તૃત્તવ
**બાયોલોજી લેબ**
બપોરે 12:00 કલાકે : ઓન ધ સ્પોટ પેઇન્ટિગ
બપોરે 2:30કલાકે : કોલાજ
**રૂમનં 1 કોલેજ બિલ્ડિંગ**
બપોરે 12:00 કલાકે : કાવ્ય પઠન
બપોરે 2:30 કલાકે : પાદપૂર્તિ
**ગીતા હોલ કોલેજ બિલ્ડિંગ**
બપોરે 12:00 કલાકે : હળવું કંઠય સંગીત
બપોરે 2:30 કલાકે : સમૂહ ગાન







નિમેષ દેસાઇ, રાજૂ બારોટ, અર્ચન, અર્ચન ત્રિવેદી અને નિસર્ગ ત્રિવેદી દ્વારા રંગભૂમિના ગીતો રજૂ કરાશે.

# 'સંસ્કાર ચોરા'માં રંગભૂમિના ગીતો

- **પી. ખરસાણીના સન્માનમાં કાર્યક્રમ**
- **એકસાથે પરફોર્મ કરશે દિગ્ગજ કલાકારો**

• **સિટી રિપોર્ટર**. અમદાવાદ

'જટ જાવ ચંદર હાર લાવો...ઘુંઘટ નહીં ખોલું', 'હૃદયના શુદ્ધ પ્રેમીને નિગમના જ્ઞાન ઓછા છે...' જૂની રંગભૂમિના આ યાદગાર ગીતો હજુ પણ આપણે આટલાં જ મીઠા લાગે છે. આજે ટાગોરહોલ ખાતે રંગભૂમિના ગીતોનો કાર્યક્રમ યોજાશે. જેમાં રંગકર્મી નિમેષ દેસાઇ, રાજૂ બારોટ, અર્ચન, અર્ચન ત્રિવેદી અને નિસર્ગ ત્રિવેદી દ્વારા રંગભૂમિના જાજરમાન જમાનાના ગીતો પ્રસ્તુત કરાશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવતી 'સંસ્કાર ચોરો' પ્રવૃત્તિના ભાગરૂપે યોજાનારા 'નાટ્યસંગીત સંસ્કાર' કાર્યક્રમમાં રંગભૂમિ, ટેલિવિઝનના કોમેડી એક્ટર પી. ખરસાણીનું સન્માન કરવામાં આવશે. ઉલ્લેખનિય છે કે, પી. ખરસાણીએ 250 જેટલી ગુજરાતી ફિલ્મો અને ઘણા નાટકમાં નોંધપાત્ર પ્રદાન આપ્યું છે.

મોટાભાગે સ્વતંત્ર રીતે જ કાર્યક્રમ આપતા રંગભૂમિના કલાકારો નિમેષ દેસાઇ, રાજૂ બારોટ, અર્ચન ત્રિવેદી અને નિસર્ગ ત્રિવેદી પ્રથમ વખત એક મંચ પર ભેગા થઇ જૂની રંગભૂમિના યાદગાર ગીતોને અભિનય સાથે રજૂ કરશે ત્યારે નાટ્ય અને સંગીતપ્રેમી શ્રોતાઓ માટે આ એક અનોખો લહાવો બની રહેશે.

**પી. ખરસાણી** | કલાકાર

**કામની કદર થઈ છે**

**આ** મારું સન્માન નથી પણ સમગ્ર કલાજગતનું સન્માન છે. 46 વર્ષથી હું આ ક્ષેત્રમાં છું. અત્યારે મને 87મું વર્ષ ચાલે છે. મારા કામની કદર થઇ છે. જ્યાં સુધી હાથ-પગ ચાલે ત્યાં સુધી કામ કરતો રહીશ.



### જૂની રંગભૂમિની યાદગાર રચનાઓ

» એક સરખા દિવસ સુખના કોઇના જાતા નથી...
» પ્રેમીને પ્રેમી કોઇ પૂછે કે નયનોમાં શું છે...તુ છે તુ છે તુ છે
» તમે જોજો સઉ સોકરી ને સોરા...મારા પ્રીતમ છે પોફેસર ભોરા...

# 'કમાલ ધમાલ માલામાલ'માં અર્ચન ત્રિવેદી

- **ફિલ્મનું 'દરિયા હો...' ગીત હિરો શ્રેયસ તળપદે, મધુરિમા અને અર્ચન ત્રિવેદી પર ફિલ્માવાયું**
- **મહાબળેશ્વરમાં એક ટેકમાં શોટ ઓકે થયો**

• **સિટી રિપોર્ટર**. અમદાવાદ



અર્ચન ત્રિવેદી

આ મહિનાના અંતે પ્રિય દર્શનની ફિલ્મ 'કમાલ ધમાલ માલામાલ' રીલીઝ થઈ રહી છે. જેમાં એક અમદાવાદી ચહેરો પણ જોવા મળશે. જી હા, આ અમદાવાદી ચહેરો છે જાણીતા રંગકર્મી અર્ચન ત્રિવેદીનો. આ ફિલ્મમાં અર્ચન ત્રિવેદીના ભાગે એક ગીતમાં અભિનય કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. જેમાં તેઓ ફિલ્મના હિરો શ્રેયસ તળપદે અને મધુરિમા સાથે ગીત 'દરિયા હો...' ગીત લલકારતા નજરે પડશે.

પ્રિયદર્શનની આ ફિલ્મમાં કેવી રીતે તક મળી? તે વિશે વાત કરતાં અર્ચન ત્રિવેદી કહે છે કે, 'અચાનક એક દિવસ ફિલ્મના સ્ક્રીનપ્લે રાઈટર નિરજ વોરાનો મારા પર ફોન આવ્યો કે આજે અને કાલે શું કરો છો? મેં કીધું કે થોડો વ્યસ્ત છું પણ પરમ દિવસે ફ્રી થઈ જઈશ. ત્યારે નીરજ વોરાએ મને કહ્યુ કે વહેલામાં વહેલી જે ફ્લાઈટ મળે તેમાં પૂના આવી જાવ. મેં પૂછ્યું કે પૂના કેમ? ત્યારે તેમણે કહ્યુ કે પ્રિયદર્શનની ફિલ્મ 'કમાલ ધમાલ માલામાલ'ના એક ગીતનું શૂટિંગ કરતાં હતાં જેમાં મને તમારો જ ચહેરો યોગ્ય લાગ્યો એટલે તે માટે હું તમને બોલાવી રહ્યો છું.

પૂના પહોંચ્યા પછી નિરજભાઈએ તો મને પ્રિયદર્શનની ટીમને સોંપી અને અન્ય કામ પર નીકળી ગયાં. ત્યારબાદ મહાબળે શ્વરમાં મારે શૂટિંગ કરવાનું હતું. શટિંગ સ્થળે મને બેથી ત્રણ વાર ગીત સંભળાવવામાં આવ્યું. મારા કપડાંનું માપ લઈ કપડાં સિવાયા. મને ગીતની સ્ક્રીપ્ટ આપવામાં આવી અને સહેજેય 10થી 12 રિટેક તો થશે જ તેવું પણ કહેવાયું.

શૂટિંગ શરૂ થયું જેમાં હોડીમાં બેસીને મારે ગીત ગાવાનું હતું. એક ટેકમાં જ સીન ઓકે થઈ ગયો. આ જોઈ ફિલ્મના હિરો શ્રેયસ તળપદેએ મને કહ્યું કે, નક્કી તમે થિયેટર કરતાં લાગો છો. તો જ આટલો જલદી શોટ ઓકે થાય.

આ ફિલ્મમાં પરેશ રાવલ, નાના પાટેકર, ઓમપુરી, રાજપાલ યાદવ, અસરાની વગેરે કામ કરી રહ્યા છે. અર્ચન ત્રિવેદીએ અનેક નાટકો ઉપરાંત રંગભૂમિના ગીતો પર પણ ખાસ કામ કર્યુ છે. તેમણે અનેક સામાજિક સંસ્થાઓ સાથે શેરી નાટકોમાં પણ સરસ કામગીરી કરેલી છે.

ઉલ્લેખનિય છે કે, તાજેતરમાં જેનું શુટિંગ અને પ્રોડકશન ચાલુ છે તેવી તેવી ચેતન ભગતની નોવેલ 'થ્રી મિસ્ટેક્સ ઓફ માય લાઈફ' આધારિત ફિલ્મ 'કાઈપો છે'માં અર્ચન ત્રિવેદીને રોલ મળ્યો હતો પરંતુ એ વખતે તેમને લંડનમાં ગ્લોબ થિયેટર ખાતે નાટક 'સૌ સારું જેનું છેવટ સારું' ભજવવાનું હોવાથી તેઓ ફિલ્મ સ્વીકારી શક્યા ન હતાં. પરંતુ આ વખતે આ અર્ચનભાઈની બોલીવૂડમાં નાનકડી એન્ટ્રીને કોઈ મોટું કારણ અટકાવી શકે તેમ ન હતી.



પ્રિયદર્શનની ફિલ્મ 'કમાલ ધમાલ માલામાલ' ના ગીત 'દરિયા હો...' ના દ્રશ્યમાં અભિનેત્રી મધુરિમા અને અને શ્રેયસ તળપદે સાથે અર્ચન ત્રિવેદી

**ન્યૂ કેમ્પસ** નેશનલ સ્કૂલ ઓફ ડિઝાઈનના પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે ગાંધીનગરમાં 11,362 સ્કવેર મીટરમાં અત્યાધુનિક ફેસિલિટિઝ સાથે નવનિર્મિત કેમ્પસનું કોમર્સ, ઇન્ડસ્ટ્રી અને ટેક્સટાઇલ મંત્રી આનંદ શર્માએ ઈનોગ્રેશન કર્યુ : સ્ટુડન્ટ્સ દ્વારા વિવિધ ડિઝાઈન પ્રોજેક્ટસ ડિસપ્લે કરવામાં આવ્યા...

# એનઆઈડીને નેશનલ સેન્ટર ઓફ એક્સિલન્સ બનાવાશે: આનંદ શર્મા

- **ટૂંક સમયમાં મળશે કેબિનેટની મંજૂરી : આનંદ શર્મા**
- **ફેસિલિટિઝ માટે 25 કરોડની ફાળવણી કરાશે**

• **સિટી રિપોર્ટર**. અમદાવાદ

કેન્દ્રના કોમર્સ, ઈન્ડસ્ટ્રી અને ટેક્સટાઈલ મંત્રી આનંદ શર્માએ બુધવારે નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઈન (એનઆઈડી)ના ગાંધીનગર ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટેના 11,362 સ્કવેર મીટરમાં નવનિર્મિત કેમ્પસનું ઉદ્દ્ઘાટન કર્યુ હતું. આ પ્રસંગે તેઓએ વિવિધ ડિપાર્ટમેન્ટમાં જઇને વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી ડિઝાઇન નિહાળી હતી. નવા બનાવવામાં આવેલા આ કેમ્પસમાં પોસ્ટગ્રેજ્યુએટ સ્ટુડન્ટ્સ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઈનોગરેશન ઈવેન્ટમાં જાણીતા નાગરિકો, શહેરના ડિઝાઈનર્સ તેમજ સરકારી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ સ્ટુડન્ટ્સ દ્વારા બનાવવામાં આવેલી ડિઝાઈન્સને ખાસ ડિસપ્લે કરવામાં આવી હતી. આનંદ શર્માએ દરેક ડિઝાઈન નિહાળી સ્ટુડન્ટ્સ સાથે તેની ચર્ચા કરી હતી. આ પ્રસંગે તેમણે આઈઆઈએમ અને આઈઆઈટીની જેમ નેશનલ સેન્ટર ઓફ એક્સલન્સ તરીકે એનઆઈડીને જાહેર કરાશે તેવી વાત કરી હતી. એનઆઈડી ખાતે આનંદ શર્માએ પત્રકારોને જણાવ્યું કે, અમે એનઆઈડીને બહુ જલ્દી સેન્ટર ઓફ એક્સલન્સ તરીકે જાહેર કરીશું અને તેને લગતી ગતિવિધ ચાલી રહી છે. જેને ટૂંક સમયમાં કેબિનેટમાંથી મંજૂરી મળી જશે.

જે એનઆઈડી સાથે જોડાશે તેમને અન્ય ઈન્સ્ટિટ્યુટની જેમ ડિગ્રી એનાયત કરવામાં આવશે. એનઆઈડીને નેશનલ સેન્ટર ઓફ એક્સલન્સ તરીકે બનાવવાની કાર્યવાહી છેલ્લા બે વર્ષથી ચાલી રહી છે. અત્યારે એનઆઈડી અન્ડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટની ડિગ્રી એનાયત કરે છે. બારમી પંચ વર્ષીય યોજનામાં આનંદ શર્માએ જાહેરાત કરી હતી કે, એક જ્વેલરી ડિઝાઈન સેન્ટર અને ઓટોમોબાઈલ ડિઝાઈન રિસર્ચ સેન્ટર ગાંધીનગર એનઆઈડી ખાતે સ્થપાશે. તે ઉપરાંત એક રિક્રિએશન સેન્ટર પણ સ્થપાશે. આ ત્રણેય માટે 25 કરોડ રૂપિયાની ફાળવણી કેન્દ્ર સરકાર તરફથી કરવામાં આવશે. તેમણે ડિસપ્લેમાં લગાવેલા પ્રોડકટ પરથી જણાવ્યું કે, એનઆઈડીના વિદ્યાર્થીઓએ હુન્ડાઈ અને રિનોલ્ટ કારની ડિઝાઈન વર્ક તેમજ ટાટા નેનોની નવી ડિઝાઈન અહિંયા બનાવી છે. આનંદ શર્માએ જણાવ્યું કે, પ્રધાન મંત્રી દ્વારા ઈન્ડિયન આફ્રિકન ફોરમ સમીટમાં બાબુ પ્રોજેકટ જાહેર કર્યો હતો. જેને એનઆઈડીના વિદ્યાર્થીઓએ બાસ્કેટ બનાવા જેવી વસ્તુઓથી મહિલા સશક્તિકરણને પ્રાધાન્ય આપ્યું હતું.



એનઆઈડીના ગાંધીનગર કેમ્પસના ઈનોગ્રેશનમાં ડિઝાઈન નિહાળતા આનંદ શર્મા અને મહાનુભાવો.

### એનઆઈડીમાં શું બદલાવ આવી શકે ?

**એનઆઇડીને** નેશનલ સેન્ટર ઓફ એક્સલન્સની મંજૂરી મળતા બેચલર, માસ્ટર અને પીએચડી સુધીના ડિઝાઇન કોર્સ શરૂ કરવામાં આવશે. તેમ એનઆઇડીના ડાયરેક્ટર પ્રદ્યુમ્ન વ્યાસે જણાવ્યું હતું. આ અંગે પાર્લામેન્ટમાં બિલ પાસ કરવામાં આવશે. તે ઉપરાંત પાંચ વર્ષના રિસર્ચ પ્લાનમાં જવેલરી રિસર્ચ સેન્ટર શરૂ કરવામાં આવશે. આ સેન્ટર માટે દુનિયામાં 10 કરોડ આઉટ લેટ હશે અને એનઆઇડી ગાંધીનગર ખાતેથી 25 કરોડની વર્ક એક્ટિવિટી થશે.